## આંક–૨૮ તથા ૨૯ લગત હુકમ

(૧) અરજદારની અરજી, દસ્તાવેજી પુરાવા વંચાણે લીધો. પક્ષકારોના વિ.વકિલશ્રીઓને સાંભળ્યા. હાલની અરજી સામાવાળાના વિ.વ.શ્રીએ સદર કેસની કાર્યવાહી મુલતવી રાખવા માટે કરેલ છે અને અરજદાર તરફે સખત વાંધો લીધેલ છે.

(૨) આ કામના સામાવાળાના વિ.વકિલશ્રી વી.એન. યાદવની એવી રજુઆત કરેલ કે, નામદાર કોર્ટે સદર કામમાં આંક–૧,૪,૧૩ હેઠળ કરેલ હુકમ સામે આ કામના અરજદારે નામદાર ગુજરાત હાઇકોર્ટમાં સ્પે.ક્રિ.એપ્લી. નં.૯૦૪૨/૨૦૨૪ દાખલ કરેલ છે જે પેન્ડીંગ છે. આમ સદર કામમાં તકરાર સંબંધે નામદાર ગુજરાત હાઇકોર્ટમાં મેટર પેન્ડીંગ હોય નીચલી અદાલતે કેસની કાર્યવાહી મુલતવી રાખવી જોઇએ તેવુ નામદાર બોમ્બે હાઇકોર્ટે કિશોર ભીખાસિંઘ રાજપુત વિ. પ્રિતી કિશોર રાજપુત તથા વિશ્વનાથ પી. મહાદેવેશ્વર વિ. સુર્યવંશી ઠાકોરના ચુકાદામાં ઠરાવેલ છે. જે ચુકાદાઓ તેઓ તરફથી રજુ થયેલ છે. વધુમાં તેઓની એવી દલીલ છે કે, નામદાર ગુજરાત હાઇકોર્ટમાં મેટર પેન્ડીંગ હોય અને બીજી બાજુ અત્રેની કોર્ટમાં અરજદાર કાર્યવાહી આગળ ચલાવતા હોય કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધ હોય નામદાર ગુજરાત હાઇકોર્ટમાં પેન્ડીંગ મેટરનો નિર્ણય ન આવે ત્યાં સુધી સદર કેસની કાર્યવાહી મુલતવી રાખવા અરજ કરેલ છે.

(૩) અરજદારના વિ.વ.શ્રી પી.એ.રાવલની એવી રજુઆત છે કે, આ કામે આંક–૧,૪ અને ૧૩ના હુકમ સામે અરજદારે નામદાર ગુજરાત હાઇકોર્ટમાં અપીલ કરેલ છે, સામાવાળાએ કરેલ નથી. વધુમાં નામદાર ગુજરાત હાઇકોર્ટ કે અન્ય કોઇ ઉચ્ચ અદાલતે સદર કામમાં સ્ટે ફરમાવેલ નથી. આ કામના સામાવાળાએ સને–૨૦૧૮થી સદર અરજીમાં કોઇજ ચડત રકમ જમા કરાવેલ નથી. એક યા બીજા પ્રકારની અરજી આપી કામ લંબાવે છે અને નામદાર કોર્ટના મુળ હુકમ મુજબ રકમ જમા કરાવેલ નથી તેમજ નામદાર કોર્ટે આંક–૧,૪ અને ૧૩માં કરેલ હુકમ મુજબ પણ કોઇ રકમ આજદિન સુધી ચુકવેલ નથી. આમ, સદર કેસમાં નામદાર ગુજરાત હાઇકોર્ટમાં અમોએ અપીલ કરેલ છે પરંતુ સદર કેસની કાર્યવાહી માટે કોઇજ સ્ટે આપવામાં આવેલ નથી કે સામાવાળાએ પણ કોઇ અપીલ રીવીઝન કરી સ્ટે મેળવેલ હોય તેવુ બનેલ

નથી. જેથી અત્રેની કોર્ટને સદર અરજીની કાર્યવાહી મુલતવી રાખવા કોઇ સત્તા ન હોય તથા વ્યાજબી કારણ ન હોય હાલની અરજી કાઢી નાખવા અરજ કરેલ છે. વધુમાં તેઓની રજુઆત છે કે આ કામના સામાવાળાએ રજુ રાખેલ બન્ને ચુકાદાઓની હકીકતો હાલના કેસથી જુદી હોય સદર કામમાં લાગુ પાડી શકાય નહી. વધુમાં એવી દલીલ કેરલ છે કે, સામાવાળાને આંક–૨૨, ૨૭ મુજબ અરજી આપી ચડત રહેણાંકના ભાડા પેટેની બાકી રકમ તથા વળતરની રકમ એમ કુલ રૂા.૧,૦૫,૦૦૦/– વસુલ મેળવવા માટે જંગમ જપ્તી વોરંટની અરજી આપેલ જે મંજુર થયેલ છે અને જપ્તી વોરંટ આ કામના સામાવાળા નં.૧ના એન કેન પ્રકારે બજવવા દેતા નથી જેથી આંક–૨૯ની જંગમ જપ્તી વોરંટની અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

(૪) અરજી, રેકર્ડ તથા રજુઆતો ધ્યાને લેતાં સદર કામમાં આંક–૧,૪ અને ૧૩ લગત હુકમ કરી ડી.વી.એકટની કલમ–૧૯ની જોગવાઇ મુજબ રહેણાંકના ભાડા પેટે રૂા.૪૫,૦૦૦/– સામાવાળા નં.૧ના અરજદારને ચુકવવા વિકલ્પે જપ્તી વોરંટ ઇસ્યુ કરવા હુકમ કરેલ તેમજ ડી.વી.એકટની કલમ–૨૨ની જોગવાઇ મુજબ વળતર પેટે બાકી રૂા.૪૫,૦૦૦/– સામાવાળા નં.૧ના અરજદારને ચુકવવા વિકલ્પે જપ્તી વોરંટ ઇસ્યુ કરવા હુકમ કરેલ. આમ, સદર હુકમ સામાવાળા નં.૧ને અસર કરતા છે અને તેઓએ સદર હુકમ સામે કોઇ અપીલ રીવીઝન કરેલ હોય કે સ્ટે મેળવેલ હોય તેવુ બેનલ નથી. ડી.વી.એકટ હેઠળ થયેલ સદર હુકમ સ્ત્રીના પ્રોટેકશન તથા બેનીફીશીયરી માટે થયેલા છે અને તે હુકમ મુજબ સામાવાળા નં.૧ ના અરજદારને એક યા બીજા બહાના તળે રકમ ન ચુકવે તો સદર કાયદાનો હેતુ માર્યો જાય તેમ છે.

(૫) સદર કામમાં આંક–૧,૪ અને ૧૩ લગત હુકમ કરી ડી.વી.એકટની કલમ–૨૦ની ચડત ભરણ પોષણની રકમ પેટે માંગેલ રકમ ક્રિ.પ્રો.કોડ કલમ–૧૨૫(ફોજદારી પરચુરણ અરજી નં.૧૪૩/૨૦૧૧)માં મજરે ગણવા હુકમ કરેલ જેની સામે નારાજ થઇને આ કામના અરજદારે નામદાર ગુજરાત હાઇકોર્ટમાં સ્પે.ક્રિ.એપ્લી. નં.૯૦૪૨/૨૦૨૪ દાખલ કરેલ છે. હાલના કામમાં ડી.વી.એકટની કલમ–૨૦ની ચડત ભરણ પોષણની રકમ પેટેની રકમ વસુલ મેળવવા માટે આ કામના અરજદારે આંક–૨૯થી અરજી આપી દાદ માંગેલ નથી. આમ, જે રકમ અંગે તકરાર થયેલ છે તે રકમ અંગે અરજદારે આંક–૨૯ની જંગમ વોરંટની અરજીમાં જપ્તી વોરંટની દાદ માંગેલ નથી.

(૬) આ કામના સામાવાળાના વિ.વ.શ્રીએ નામદાર બોમ્બે હાઇકોર્ટે કિશોર ભીખાસિંઘ રાજપુત વિ. પ્રિતી કિશોર રાજપુત, ૨૦૦૭(૩) બી.સી.આર.૨૭૯ તથા વિશ્વનાથ પી. મહાદેવેશ્વર વિ. સુર્યવંશી ઠાકોર,૨૦૧૧(૦) જે.એક્ષ. (મહા.)૩૭૭ ના ચુકાદા રજુ રાખેલ છે જે ચુકાદાઓની હકીકત તથા હાલના કેસની હકીકતો જુદી જુદી જણાય છે. વધુમાં હાલના કેસમાં જે રકમ અંગેની તકરાર લગત અરજદારે અપીલ રીવીઝન કરેલ છે તે રકમ અંગે આંક–૨૯ની જંગમ જપ્તી વોરંટની અરજીમાં માંગણી કરવામાં આવેલી નથી. જેથી સામાવાળાએ રજુ રાખેલ બન્ને ચુકાદાઓ તેઓને મદદરૂપ ન હોવાનુ અમોનુ માનવુ છે.

(૭) આમ, ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં આ કામના સામાવાળાની આંક–૨૮ની અરજી ટકવાપાત્ર ન હોય તેમજ સદર કામ ધણુ જુનુ હોય અને ટારગેટેડ કેસ હોય સદર કેસની કાર્યવાહી આગળ ચાલે તે જોવુ જરૂરી હોય અરજદાર બાકી ચડત રકમ આંક–૧,૪ અને ૧૩ના હુકમ મુજબ મેળવવા હકકદાર હોય આ કામના અરજદારની આંક–૨૯ની અરજી મંજુર થવા પાત્ર હોય ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

૧.) સામાવાળાની આંક–૨૮ની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

૨.) અરજદારની આંક–૨૯ની અરજી મંજુર કરી સામાવાળા નં.૧ સામે જપ્તી વોરંટ રી–ઇસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૧મી માહે ફેબ્રુઆરી સને–૨૦૨૫ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

સ્થળઃ બોટાદ
તા. ૧૧/૦૨/૨૦૨૫

**(આઈ.કે.જાંગડ)**
એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
બોટાદ,
કોડ નં.જી.જે.૦૦૮૬૭